| | |
|---|---|
| કેસ રજુ તારીખ | ૨૨/૧૦/૨૦૨૪ |
| કેસ રજી તારીખ | ૨૨/૧૦/૨૦૨૪ |
| કેસ ફેસલ તારીખ | ૯/૪/૨૦૨૬ |
| સમયગાળો વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૫ ૧૮ | |

**<u>ધારીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુકામ–ધારી</u>**

**ફો.કે.નં.–૭૫૧/૨૦૨૪.**

**આંક :–૪૧**

**ફરીયાદી:** સરકારશ્રી.

**વિરૂધ્ધ**

**આરોપી/ઓ:** (૧) કાળુભાઈ ભાણાભાઈ માલણીયા,
ઉ.વ.૫૯, ધંધો– મજુરી,
રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી.

(૨) મહેશભાઈ મધુભાઈ માલણીયા,
ઉ.વ.૨૮, ધંધો–ખેત મજુરી,
રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી.

(૩) ફતેમહમદભાઈ જમાલભાઈ બ્લોચ,
ઉ.વ.૬૦, ધંધો– મજુરી,

રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી.

(૪) સંજયભાઈ ધનજીભાઈ કુડેચા,
ઉ.વ.૨૯, ધંધો–મજુરી,
રહે. હાથસણી, તા. સાવરકુંડલા, જી.અમરેલી.

(૫) કનુભાઈ લાલજીભાઈ ચુડાસમા,
ઉ.વ.૨૪, ધંધો–મજુરી,
રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી.

(૬) વિજયભાઈ ધીરૂભાઈ સનુરા,
ઉ.વ.૨૮, ધંધો– મજુરી,
રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી.

ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી: બી. કે. ચૌધરી./એમ.એમ.સકસેના.
આરોપી તરફે વિ. વ. શ્રી : પી.એન.મકવાણા.

**તહોમત: જુગાર ધારાની કલમ–૧૨ મુજબ.**

**–: જજમેન્ટ :–**

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ખીસરી ગામે શંભુભાઈ ભાણાભાઈ માલણીયાના રહેણાંક મકાનની બાજુમાં આવેલ શેરીમાં છ ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીન પત્તી નામનો હાર જીતનો જુગાર રમી રમતા રેઈડ દરમ્યાન છ ઈસમો પકડાઈ જતા તેમની પાસેથી મળી આવેલ કુલ રોકડ રકમ રૂ.૧૧૫૬૦/– તથા ગંજી પાનાના પાના નંગ–૫૨

કિં.રૂ.૦૦/૦૦ એમ કુલ મળી રૂ.૧૧૫૬૦/– સાથે પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ, આ કામના ફરીયાદી **: અનકભાઈ કાળુભાઈ મોભ,** પોલીસ કોન્સ., ધારી પોસ્ટે. નાઓએ સરકાર તરફે આપતા, ધારી પોલીસ સ્ટેશનના ગુન્હા નંબર – ૧૧૧૯૩૦૧ ૮૨૪૦૩૦૭/૨૦૨૪ થી ફરીયાદ રજીસ્ટરે લઈ તપાસનીશની તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા જુગાર ધારાની કલમ–૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ ઈન્સાફ થવા સારૂ અદાલતમાં દાખલ કરવામાં આવેલુ.

(૦૨) આ કામના આરોપીઓ સામેનુ ચાર્જશીટ રજુ થતા આરોપીઓને અદાલતમાં હાજર રાખતા સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે પોલીસ કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આંક–૧૦ થી ૧૫ સુધી આરોપીઓનો જવાબ લેતા આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૦૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

## મૌખિક પુરાવો:

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ત.ક.અ. સીકંદરભાઈ બાબુભાઈ સૈયદની જુબાની. | ૧૯ |
| ૨ | પંચ સાહેદ ગીરીરાજસિંહ બહાદુરસિંહ ઝાલાની જુબાની. | ૨૫ |
| ૩ | પંચ સાહેદ ગેલાભાઈ નાનજીભાઈ જખવાડીયાની જુબાની. | ૩૦ |
| ૪ | ફરીયાદી અનકભાઈ કાળુભાઈ મોભની જુબાની. | ૩૫ |

## દસ્તાાવેજી પુરાવો:

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રેઈડ કર્યા અંગેનું પંચનામુ. | ૨૬ |
| ૨ | ફરીયાદ. | ૩૬ |

**(૦૪)** ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલાનુ મૌખિક રીતે જાહેર કરતા આરોપીઓનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનો વિશેષ જવાબ લેતા આરોપીઓએ ફરીયાદપક્ષના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે, અને ખોટી ફરીયાદ કરેલ હોવાનુ, ખોટુ પંચનામુ હોવાનુ, ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. અને વિશેષમાં ''અમો તદ્દન નિર્દોષ કુંટુંબ કબિલાવાળા મજુરવર્ગનાં માણસ છીએ અમોને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ છે.'' ત્યારબાદ બંનેપક્ષના વિ.વ.શ્રીઓની વિગતવારની દલીલો સાંભળી.

**(૦૫)** રજુ થયેલ પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કેસનાં આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુદ્દાઓ:**

૧. શું ફરીયાદ પક્ષ નિશંક:પણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ ખીસરી ગામે શંભુભાઈ ભાણાભાઈ માલણીયાના રહેણાંક મકાનની બાજુમાં આવેલ શેરીમાં છ ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીન પત્તી નામનો હાર જીતનો જુગાર રમી રમતા રેઈડ દરમ્યાન છ ઈસમો પકડાઈ જતા તેમની પાસેથી મળી આવેલ કુલ રોકડ રકમ રૂ.૧૧૫૬૦/– તથા ગંજી પાનાના પાના નંગ–૫૨ કિં.રૂ.૦૦/૦૦ એમ કુલ મળી રૂ.૧૧ ૫૬૦/– સાથે પકડાઈ જઈ, જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

## :<u>નિર્ણયો:</u>

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :<u>કારણો:</u>

**<u>મુદ્દા નં. ૧:</u>**

**(૦૬)** ફોજદારી વિધિશાસ્ત્રના મુળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે. હાલના આરોપીઓ સામે મુખ્યત્વે જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુન્હાનુ તહોમત છે ત્યારે ફરીયાદપક્ષે આરોપીઓ ધ્વારા જાહેરમાં હારજીતનો ગંજીપાનાથી જુગાર રમતા હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવુ પડે. આ કામે ફરીયાદપક્ષે **આંક–૩૫ થી ફરીયાદી અનકભાઈ કાળુભાઈ મોભને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદને સમર્થન કારક પુરાવો આપવાનો પ્રયાસ કરેલ છે અને ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૩૬ થી રજુ રાખેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૯ થી ત.ક.અ. સીકંદરભાઈ બાબુભાઈ સૈયદને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદના પુરાવા મુજબનો પુરાવો આપી ફરીયાદપક્ષની હકિકતોને સમર્થનકારક પુરાવો આપવાનો પ્રયાસ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પી.એસ.ઓ.એ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓને અટક કરેલા તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

ફરીયાદી તથા તપાસ કરનાર અમલદારની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં સ્વીકારેલ છે કે, ફરીયાદમાં બીજા પંચોનું નામ જણાવેલ નથી. પંચો રેગ્યુલર પંચો છે. આરોપીની ઓળખ છતી થાય તેવો કોઈ પુરાવો જેવો કે આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ, ચૂંટણીકાર્ડ વિગેરે બનાવના

સ્થળે આરોપી પાસેથી મેળવવામાં આવેલ હોય તે અંગેની કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદમાં કયા આરોપી પાસેથી કેટલા દરની કેટલી ચલણી નોટો મળી આવેલ તેની વિગત તથા નોટોના સીરીઝ નંબર ફરીયાદમાં જણાવેલ નથી. આ કામે સ્ટેશન ડાયરીનો ઉતારો કે લોગબુકની નકલ રજુ રાખેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર ખુલ્લી જગ્યા છે અને આજુબાજુમાં ઘણા મકાનો તથા દુકાનો આવેલ છે. સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. વધુમાં તેઓ જણાવેલ છે કે, ફરીયાદમાં બનાવવાળી જગ્યાની ચતુર્સીમાં જણાવેલ નથી. તેઓ પેટ્રોલીંગમાં હતા તે વાહનની લોગબુકની નકલ રજુ રાખેલ નથી. સ્ટેશન ડાયરીનો ઉતારો રજુ રાખેલ નથી.

(૦૭) આ કામે ફરીયાદ પક્ષે **આંક–૨૫ થી પંચ સાહેદ ગીરીરાજસિંહ બહાદુરસિંહ ઝાલા** તથા **આંક–૩૦ થી બીજા પંચ સાહેદ ગેલાભાઈ નાનજીભાઈ જખવાડીયા** કે જેઓ ફરીયાદ પક્ષના કેસ મુજબ આંક–૨૬ થી રજુ થયેલ રેઈડ કરેલ અને આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરેલ તે અંગેના પંચનામાના પંચો છે. તેઓએ સોગંદ ઉપર પુરાવો આપેલ છે જેઓ તેમની જુબાનીમાં પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી લીધેલી, પંચનામાની હકીકતો વિશે તેઓ કાંઈ જાણતા નથી અને તેઓએ આ કાગળનું લખાણ વાંચેલુ નહી હોવાનુ જણાવી પંચનામામા તેમની સહી ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદો પં ચનામાની હકીકતને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદો જાહેર કરી અદાલતની મૌખિક પરવાનગીથી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકયા નથી. આ સાહેદોની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે, પોલીસે એક તૈયાર લખેલા કાગળમાં તેમની સહી લીધેલી. પોલીસ સાથે તેઓ કોઈ ગુન્હાવાળી જગ્યાએ ગયેલ હોય અને તેમની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

આમ, સદર પંચ સાહેદોની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી, એટલે કે આંક–૨૬ વાળા પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. જેથી આંક–૨૬ વાળુ પંચનામુ શંકારહીત ફરિયાદપક્ષ સાબીત કરી શકેલ નથી.

(૦૮) બંને પક્ષો તરફેની દલીલો તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર: પુરાવાનુ બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદો પોલીસની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન આપતાં નથી અને તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે લીધેલ હોય કે આરોપીઓને તેમની હાજરીમાં અટક કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેથી આંક–૨૬ વાળુ પંચનામુ શંકારહીત સાબીત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તે સિવાય આ કામે તપાસવામાં આવેલ ફરિયાદપક્ષના પોલીસ સાહેદો હોય તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે. પરંતુ તેઓ ફરિયાદપક્ષના હિત ધરાવનાર સાહેદો હોય તેઓની જુબાનીના આધારે અને તે પણ સ્વતંત્ર સાહેદના પુરાવાના સમર્થન વિના માની હાલના આરોપીઓને હાલના ગુન્હા સાથે સાંકળી તકસીરવાન ઠરાવવા ન્યાયીક કે વાજબી જણાતુ નથી.વધુમાં ફરીયાદી તથા તપાસ કરનાર અમલદારે ઉલટ તપાસમાં, ફરીયાદમાં બીજા પંચોનું નામ જણાવેલ ન હોવાનું, પંચો રેગ્યુલર પંચો હોવાનુ, આરોપીની ઓળખ છતી થાય તેવો કોઈ પુરાવો જેવો કે આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ, ચૂંટણીકાર્ડ વિગેરે બનાવના સ્થળે આરોપી પાસેથી મેળવવામાં આવેલ હોય તે અંગેની કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ, ફરીયાદમાં કયા આરોપી પાસેથી કેટલા દરની કેટલી ચલણી નોટો મળી આવેલ તેની વિગત તથા નોટોના સીરીઝ નંબર ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ, આ કામે સ્ટેશન ડાયરીનો ઉતારો કે લોગબુકની નકલ રજુ રાખેલ ન હોવાનુ, બનાવવાળી જગ્યા જાહેર ખુલ્લી જગ્યા હોય અને આજુબાજુમાં ઘણા મકાનો તથા દુકાનો આવેલ હોવા છતાં સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ ન હોવાનુ તથા ફરીયાદમાં બનાવવાળી જગ્યાની ચતુર્સીમાં જણાવેલ ન હોવાનું તથા તેઓ પેટ્રોલીંગમાં હતા તે વાહનની લોગબુકની નકલ

રજુ રાખેલ ન હોવાનુ, સ્ટેશન ડાયરીનો ઉતારો રજુ રાખેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. આમ,બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાનુ રેકર્ડ પર આવેલ છે જાહેર જગ્યા એ સ્વતંત્ર સાહેદો મળી રહે પરંતુ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ શા માટે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી. વધુમાં સ્વતંત્ર કહી શકાય એવા પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને લેશ માત્ર સમર્થન કરેલ નથી તેવા સંજોગોમાં આ કામના આરોપીઓએ આવો કોઈ ગુનો કરેલ કે કેમ તે શંકા પ્રેરે છે. આમ, જયારે ફરીયાદપક્ષનો સમગ્ર કેસ પોલીસ સાહેદો પર આધારીત હોય તેવા સંજોગોમાં જો ફરીયાદ પક્ષના પુરાવો સહેજે શંકા ઉત્પન્ન કરનારો હોય તો તેનો લાભ ચોકકસ પણે આરોપીને મળવાપાત્ર રહે. હાથ પરના કામમાં પણ પંચો સીવાયના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નથી અને પંચોએ પણ તૈયાર પંચનમામાં સહી કરેલાનુ જણાવેલ છે અને તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ અને તેઓ રૂબરૂ આરોપીઓ જુગાર રમતા હોય અને મુદ્દામાલ સાથે પકડાયેલ અને મુદ્દામાલ કબજે કરેલ હોય કે આરોપીઓને તેમની હાજરીમાં અટક કરેલ હોય એવો કોઈ પુરાવો આપેલ નથી. આમ, આવા સંજોગોમાં ફરીયાદ પક્ષના કેસ મુજબનો કોઈ બનાવ બનેલ હોય અને તેમાં હાલના આરોપીની સંડોવણી હોય તેવો કોઈ સ્પષ્ટ તથા શંકા રહીત પુરાવો રેકર્ડ પર આવતો નથી. જેથી માત્રને માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપરથી જ હાલના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ વિનમ્રપણે માનવુ છે.

(૦૯) પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જો વધુ પોલીસ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવા સાક્ષીઓને તપાસી અને કોર્ટનો મુલ્યવાન સમય બગાડવો જોઈએ નહિં, તેને અનુસરી અને આ કેસમાં વધુ પોલીસ સાહેદોને તપાસવાથી પણ કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ નથી. કારણ કે, જયારે સ્વતંત્ર પંચ સાહેદો ફરિયાદપક્ષની કાર્યવાહીને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સાહેદોની

જુબાનીથી કેસના અંતિમ પરિણામ પર અસર થાય તેવી શકયતા રહેતી નથી. તેથી માત્ર ચાર્જશીટના આધારે જ આરોપીઓને સજા કરી શકાય નહી. કેમ કે આરોપીઓ વિરુધ્ધ સાબિત માની શકાય તેવો કોઈ શંકા રહીત પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી. આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી **મુદ્દા નંબર–૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નંબર–૨** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** આ કામના આરોપી નંબર–(૧)કાળુભાઈ ભાણાભાઈ માલણીયા, રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી, (૨) મહેશભાઈ મધુભાઈ માલણીયા, રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી, (૩) ફતેમહમદભાઈ જમાલભાઈ બ્લોચ, રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી, (૪) સંજયભાઈ ધનજીભાઈ કુડેચા, રહે. હાથસણી, તા. સાવરકુંડલા, જી.અમરેલી, (૫) કનુભાઈ લાલજીભાઈ ચુડાસમા, રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલી, (૬) વિજયભાઈ ધીરૂભાઈ સનુરા, રહે.ખીસરી, તા. ધારી, જી.અમરેલીવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) હેઠળ તેમની સામેના જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આરોપીઓ તરફે મુદ્દામાલ કલેઈમ ન કરતા હોવા બાબતેની આંક–૧૬ થી પુરસીસ રજુ રાખેલ છે. આ કામે કબ્જે લેવામા આવેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય વીત્યે શ્રીસરકાર ખાલસા કરવી તથા અન્ય બિન–કિમતી નાશ થવા પાત્ર મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવો.

૩. આરોપીઓના બેઈલ બોન્ડ અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ : ૦૯, માહે :એપ્રિલ , સને : ૨૦૨૬ ના રોજ આ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીજાહેર કર્યો.

તા.૯/૪/૨૦૨૬.

સ્થળ : ધારી

**(એમ.એમ.સૈયદ )**

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,

ધારી.

કોડ નં.જીજે૦૧૧૦૩